# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 27-04-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day: SUNDAY** **National News**

આકાશવાણી સમાચાર હેમાંગીની સોનારા વાંચે છે.

**************************************************

1) પહેલગામ આતંકવાદી હુમલાના ગુનેગારો અને કાવતરાખોરોને યોગ્ય જવાબ આપવામાં આવશે, તેમ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મન કી બાત કાર્યક્રમનાં માધ્યમથી જણાવ્યું.

2) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દેશની 140 કરોડ જનતાની એકતા આતંકવાદ સામેની તાકાત ગણાવી.

3) પહેલગામ આતંકવાદી હુમલાની ચર્ચા માટે આવતીકાલે એક દિવસનું જમ્મુ કાશ્મીર વિધાનસભાનું વિશેષ સત્ર બોલાવાયું.

4) ઈરાનના શાહિદ રાજાઈ બંદર પર થયેલા પ્રચંડ વિસ્ફોટમાં ૧૮ લોકોના મોત ૭૦૦થી વધુ લોકો ઘાયલ.

5) IPL ક્રિકેટમાં આજે બપોરે મુંબઈ ઈન્ડિયન્સ અને લખનૌ સુપર જાયન્ટ્સ વચ્ચે જ્યારે બીજી મેચ દિલ્હી કેપિટલ્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર વચ્ચે સાંજે રમાશે

..................................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)
(હવે પછી આપ બે વાગીને ત્રીસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

# PM MANKI BAAT – PAGE 01

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ભારપૂર્વક જણાવ્યું હતું કે પહેલગામ આતંકવાદી હુમલાના ગુનેગારો અને કાવતરાખોરોને યોગ્ય જવાબ આપવામાં આવશે. આકાશવાણી પર તેમના મન કી બાત કાર્યક્રમમાં રાષ્ટ્રને સંબોધતા, શ્રી મોદીએ આ મહિનાની 22મી તારીખે પહેલગામમાં થયેલી આતંકવાદી ઘટના પર દુઃખ વ્યક્ત કર્યું.

પ્રધાનમંત્રી મોદીએ જણાવ્યું હતું કે આ હુમલો આતંકવાદીઓની હતાશા અને કાયરતા દર્શાવે છે. તેમણે કહ્યું કે કાશ્મીરમાં શાંતિ પરત ફરી રહી છે, લોકશાહી મજબૂત થઈ રહી છે અને પ્રવાસીઓ રેકોર્ડ દરે વધી રહ્યા છે. તેનાથી ભારત અને જમ્મુ અને કાશ્મીરના દુશ્મનો ખુશ નથી તેમ પણ તેમણે કહ્યું હતું

## બાઇટ- PM MODI ON TERRRORISM

પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે આતંકવાદ સામેના આ યુદ્ધમાં સૌથી મોટી તાકાત દેશની એકતા અને 140 કરોડ ભારતીયોની એકતા છે. તેમણે ઉમેર્યું હતું કે આ એકતા આતંકવાદ સામે દેશની નિર્ણાયક લડાઈનો આધાર છે.

પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે આતંકવાદી હુમલા બાદ વિશ્વભરમાંથી સતત સંવેદનાઓ આવી રહી છે. તેમણે કહ્યું કે વૈશ્વિક નેતાઓએ આ જઘન્ય આતંકવાદી હુમલાની કડક નિંદા કરતા પત્રો લખ્યા છે.

## બાઇટ- નરેન્દ્ર મોદી , PM MKB GLOBAL LEADER

# PM MANKI BAAT – PAGE 02

પ્રધાનમંત્રીએ બે દિવસ પહેલા અવસાન પામેલા ડૉ. કે. કસ્તુરીરંગનને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી, અને કહ્યું હતું કે રાષ્ટ્રએ એક મહાન વૈજ્ઞાનિક ગુમાવ્યો છે. તેમણે કહ્યું કે ડૉ. કસ્તુરીરંગનનું વિજ્ઞાન, શિક્ષણ અને ભારતના અવકાશ કાર્યક્રમને નવી ઊંચાઈ આપવામાં યોગદાન હંમેશા યાદ રહેશે.

## બાઇટ- PM MODI ON Kasturirangan

ગયા મહિને મ્યાનમારમાં આવેલા ભૂકંપ વિશે વાત કરતા, પ્રધાનમંત્રીએ કહ્યું કે ભારતે રાહત અને બચાવ કામગીરીમાં મદદ કરવા માટે તાત્કાલિક ઓપરેશન બ્રહ્મા શરૂ કર્યું.

પ્રધાનમંત્રીએ અમદાવાદમાં સિત્તર લાખ વૃક્ષો વાવવામાં આવ્યા હોવાનો ઉલ્લેખ કરીન તેને પ્રેરણારૂપ કામગીરી ગણાવી હતી અને સાયન્સ સિટિ ખાતે શરૂ કરાયેલી સાયન્સ ગેલરીને આધુનિક વિજ્ઞાનની ક્ષમતા દર્શાવતી હોવાનો ઉલ્લેખ કર્યો હતો..

# NIA-PAHALGAM ATTACK

રાષ્ટ્રીય તપાસ એજન્સી -NIAએ ગૃહ મંત્રાલયના આદેશ બાદ પહેલગામ આતંકવાદી હુમલાની તપાસ ઔપચારિક રીતે પોતાના હાથમાં લેવાની પ્રક્રિયા શરૂ કરી દીધી છે. NIA ટીમોએ હુમલાના સ્થળે કેમ્પ કરીને પુરાવા શોધવાની કામગીરી તીવ્ર કરી દીધી છે.

NIA એ પોતાના નિવેદનમાં કહ્યું છે કે ટીમો IG, DIG અને SP રેન્કના અધિકારીઓની દેખરેખ હેઠળ કામ કરી રહી છે. આ ટીમો બૈસરન ખીણમાં થયેલા હુમલાના સાક્ષીઓની વ્યાપક પૂછપરછ કરી રહી છે જેથી સમગ્ર ઘટનાક્રમને સમજી શકાય.

આતંકવાદીઓની કાર્યપ્રણાલીને જાણવા માટે NIA ટીમો પ્રવેશ અને બહાર નીકળવાના માર્ગોની સઘન તપાસ કરી રહી છે. સમગ્ર દેશને હચમચાવી નાખનારા આ હુમલા પાછળના કાવતરાનો પર્દાફાશ કરવા માટે ફોરેન્સિક અને અન્ય નિષ્ણાતોની મદદથી આ વિસ્તારની સંપૂર્ણ તપાસ કરવામાં આવી રહી છે.

# J&K- ASSSEMBLY SESSION- PAHALGAM

જમ્મુ અને કાશ્મીરના મંત્રીમંડળની વિનંતી પર, ઉપરાજ્યપાલ મનોજ સિંહાએ પહેલગામ આતંકવાદી હુમલાની ચર્ચા કરવા માટે આવતીકાલે વિધાનસભાનું એક દિવસીય વિશેષ સત્ર બોલાવ્યું છે.

આ હુમલામાં એક સ્થાનિક અને 25 પ્રવાસીઓ માર્યા ગયા હતા અને ઘણા લોકો ઘાયલ થયા હતા. વિધાનસભામાં આતંકવાદી હુમલામાં માર્યા ગયેલા લોકોને શ્રદ્ધાંજલિ આપવામાં આવશે. આ ઘટના સાથે સંકળાયેલા મુદ્દાઓ પર ચર્ચા કર્યા પછી, આ ઘટનાની સખત નિંદા કરતો ઠરાવ પસાર કરવામાં આવશે.

મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાના નેતૃત્વ હેઠળની કેબિનેટે 23 એપ્રિલે ઉપરાજ્યપાલને પહેલગામ આતંકવાદી હુમલા બાદ 28 એપ્રિલે વિધાનસભાનું ખાસ સત્ર બોલાવવાની ભલામણ કરી હતી.

# KASH PATEL-PAHALGAM

અમેરિકી ગુપ્તચર એજન્સી FBI ના નિર્દેશક કાશ પટેલે જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં થયેલા તાજેતરના આતંકવાદી હુમલાના પીડિતો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી છે. તેમણે ભારત સરકારને અમેરિકાના સંપૂર્ણ સમર્થનનો પુનરોચ્ચાર કર્યો છે.સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી પટેલે ભારપૂર્વક જણાવ્યું હતું કે પહેલગામ હુમલો આતંકવાદ દ્વારા ઉભા થયેલા વૈશ્વિક ખતરાનું સ્પષ્ટ સ્મરણ કરે છે.

આ પહેલા, યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે બુધવારે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે ટેલિફોનીક વાતચીત કરી હતી અને આતંકવાદી હુમલામાં જાનહાનિ પર શોક વ્યક્ત કર્યો હતો. ટ્રમ્પે પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલાની નિંદા કરી હતી અને આ હુમલાના ગુનેગારોને ન્યાય અપાવવા માટે ભારતને સંપૂર્ણ સમર્થન વ્યક્ત કર્યું હતું.

# ARMY-LOC-POK

જમ્મુ અને કાશ્મીરમાં ગઈકાલે રાત્રે નિયંત્રણ રેખા પર પાકિસ્તાની સેના દ્વારા કરવામાં આવેલા ગોળીબારનો સેનાએ યોગ્ય જવાબ આપ્યો.

સંરક્ષણ સૂત્રોએ જણાવ્યું હતું કે પાકિસ્તાની સેનાની ચોકીઓએ તુટમારી ગલી અને રામપુર સેક્ટરમાં નિયંત્રણ રેખા પર કોઈ ઉશ્કેરણી વિના ગોળીબાર શરૂ કર્યો હતો. ભારતીય સૈનિકોએ વળતો જવાબ આપ્યો. કોઈ જાનહાનિના સમાચાર નથી.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

**(ગોન્ગ )**

# PREZ-ARRIVAL

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ પોપ ફ્રાન્સિસના અંતિમ સંસ્કારમાં હાજરી આપીને નવી દિલ્હી પરત ફર્યા છે. રાષ્ટ્રપતિ મુર્મુએ ગઈકાલે વેટિકન સિટીમાં સેન્ટ પીટર્સ બેસિલિકામાં પોપ ફ્રાન્સિસને શ્રદ્ધાંજલિ આપી હતી. તેમની સાથે સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુ, લઘુમતી બાબતોના રાજ્ય મંત્રી જ્યોર્જ કુરિયન અને ગોવા વિધાનસભાના ઉપાધ્યક્ષ જોશુઆ ડિસોઝા પણ હતા.પોપ ફ્રાન્સિસનું આ મહિનાની 21 મી તારીખે અવસાન થયું હતું.

# DAY-IRAN-BLAST

ઈરાનના દક્ષિણ ભાગમાં આવેલા શાહિદ રાજાઈ બંદર પર થયેલા પ્રચંડ વિસ્ફોટમાં ૧૮ લોકોના મોત થયા છે અને ૭૦૦ થી વધુ લોકો ઘાયલ થયા છે. આ માહિતી ઈરાનના સરકારી મીડિયા દ્વારા આપવામાં આવી છે. ઈરાનના કટોકટી વ્યવસ્થાપન સંગઠનના પ્રવક્તા હુસૈન જાફરીએ જણાવ્યું હતું કે રાસાયણિક કન્ટેનરના અયોગ્ય સંગ્રહને કારણે વિસ્ફોટ થયો હતો. જોકે સરકારે કહ્યું કે વિસ્ફોટનું ચોક્કસ કારણ હજુ તપાસ હેઠળ છે.

ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેજેશ્કિયને સોશિયલ મીડિયા પર આ ઘટના પર દુઃખ અને સંવેદના વ્યક્ત કરી અને આ મામલાની સંપૂર્ણ તપાસના આદેશ આપ્યા. તેમણે કહ્યું કે ગૃહમંત્રીને ખાસ પ્રતિનિધિ તરીકે ઘટના સ્થળે મોકલવામાં આવ્યા છે જેથી ઘટનાની સંપૂર્ણ તપાસ થઈ શકે.

# IPL

IPL ક્રિકેટમાં આજે બે મેચ રમાશે. પહેલી મેચ મુંબઈ ઈન્ડિયન્સ અને લખનૌ સુપર જાયન્ટ્સ વચ્ચે મુંબઈમાં બપોરે 3.30 વાગ્યે રમાશે. બીજી મેચ દિલ્હી કેપિટલ્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર વચ્ચે દિલ્હીમાં સાંજે 7.30 વાગ્યે રમાશે.

મુંબઈ ઈન્ડિયન્સ અને લખનૌ સુપર જાયન્ટ્સ બંનેના નવ મેચમાં દસ-દસ પોઈન્ટ છે અને તેઓ પોઈન્ટ ટેબલમાં અનુક્રમે પાંચમા અને છઠ્ઠા સ્થાને છે. બીજી તરફ, દિલ્હી કેપિટલ્સે 8 મેચમાંથી 12 પોઈન્ટ મેળવીને બીજું સ્થાન મેળવ્યું છે, જ્યારે રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરના 9 મેચમાંથી 11 પોઈન્ટ છે.

# CARGO-IWAI

ભારતીય આંતરિક જળમાર્ગ સત્તામંડળે નાણાકીય વર્ષ 2024-25માં 14 કરોડ 55 લાખ ટનનું રેકોર્ડ કાર્ગો પરિવહન હાંસલ કર્યું છે કોલસો, આયર્ન ઓર, આયર્ન ઓર પાવડર, રેતી અને ફ્લાય એશ જેવી મુખ્ય ચીજવસ્તુઓ કુલ પરિવહન કાર્ગોમાં 68 ટકાથી વધુ હિસ્સો ધરાવે છે

સરકારની નવી જળ વાહક યોજના NW-1, NW-2 અને NW-16 સહિતના મુખ્ય રૂટ પર કાર્ગો માલિકો અને સુનિશ્ચિત સેવાઓને 35 ટકા સંચાલન ખર્ચ પ્રોત્સાહન આપે છે. ઇનલેન્ડ વોટરવેઝ ઓથોરિટી ઓફ ઇન્ડિયાનો ઉદ્દેશ્ય મેરીટાઇમ ઇન્ડિયા વિઝન 2030 અનુસાર ઇનલેન્ડ વોટરવેઝ ટ્રાન્સપોર્ટ દ્વારા માલ પરિવહનનો મોડલ હિસ્સો 2 ટકાથી વધારીને 5 ટકા કરવાનો અને ટ્રાફિક વોલ્યુમ 20 કરોડ મેટ્રિક ટનથી વધુ કરવાનો અને મેરીટાઇમ અમૃત કાલ વિઝન 2047 મુજબ 2047 સુધીમાં ટ્રાફિક વોલ્યુમ 50 કરોડ મેટ્રિક ટનથી વધુ કરવાનો છે.